# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 02-04-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- ભારતે અરુણાચલ પ્રદેશમાં સ્થાનોના નામ બદલવા માટે ચીનની ટીકા કરી. વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકરે અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ હોવાનું જણાવ્યું.
- ચૂંટણી પંચે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન સતર્કતા રાખવા માટે છ રાજ્યોમાં ખાસ નિરીક્ષકોની નિમણૂક કરી.
- રાજસ્થાનના જેસલમેરના પોખરણ ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં ભારતીય હવાઈદળની કવાયત ગગન શક્તિ ચાલી રહી છે.
- છત્તીસગઢમાં આજે સુરક્ષાદળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા.
- હવામાન વિભાગે ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાંક રાજ્યોમાં ઉનાળામાં ગરમીના મોજાની મહત્તમ અસર થવાની શક્યતા વ્યક્ત કરી.
- આઈપીએલ ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MEA- ARUNACHAL PRADESH

ભારતે અરુણાચલ પ્રદેશમાં સ્થાનોના નામ બદલવા માટે ચીનની ટીકા કરી છે. વિદેશ બાબતોના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ અંગે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. તેના વિસ્તારોના નામ બદલવાથી આ વાસ્તવિકતા બદલાશે નહીં. અરુણાચલ પ્રદેશમાં સ્થાનોના નામ બદલવાની ચીનની ઉશ્કેરણીજનક કાર્યવાહીને પગલે ભારતની આ પ્રતિક્રિયા આવી છે.

વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકરે અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે અને હંમેશા ભારતીય રાજ્ય રહેશે તેનું નામ બદલવાથી આ હકીકત પર કોઈ અસર થશે નહીં તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે ચીનને આર્થિક મોરચે માત આપવા ભારતે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

દરમિયાન, કેન્દ્રીયમંત્રી કિરન રિજિજુએ અરુણાચલ પ્રદેશની અંદર 30 સ્થળોને ચીને આપેલા ગેરકાયદેસર રીતે 'પ્રમાણભૂત' ભૌગોલિક નામોની સખત ટીકા કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે ચીન તમામ પાયાવિહોણા દાવા કરી રહ્યું છે પરંતુ તેનાથી જમીની વાસ્તવિકતા અને 'ઐતિહાસિક તથ્યો' બદલાશે નહીં.

------------------------

# ECI- SPECIAL OBSERVERS

ચૂંટણી પંચે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન સતર્કતા રાખવા માટે છ રાજ્યોમાં  ખાસ નિરીક્ષકોની નિમણૂક કરી છે. જેમાં 7 કરોડથી વધુ વસ્તી ધરાવતાં પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહાર તથા વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તેવા આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં ખાસ નિરીક્ષકોની નિમણૂક કરાઇ છે.

વિશેષ નિરીક્ષકોને કર્મચારીઓ, સુરક્ષા દળો અને વોટિંગ મશીનોના રેન્ડમાઇઝેશનની દેખરેખ રાખવાનું નિર્ણાયક કાર્ય સોંપવામાં આવ્યું છે. તેઓ રાજ્યના મુખ્યમથકે અને  સંવેદનશીલ વિસ્તારોમાં હાજર રહેશે. તથા મોનિટરિંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી વિવિધ એજન્સીઓના પ્રાદેશિક વડાઓ અને નોડલ અધિકારીઓ સાથે સંકલન કરશે. પંચે આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં  ચૂંટણી ખર્ચની દેખરેખ માટે વિશેષ ખર્ચ નિરીક્ષકોની  પણ નિમણૂક કરી છે.

----------------

# PM-UTTARAKHAND-ELECTION-CAMPAIGN.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરાખંડમાં નૈનીતાલ ઉધમસિંહ નગર મતવિસ્તારના રુદ્રપુરમાં ચૂંટણી રેલીને  સંબોધી રહ્યા છે. આ બેઠક

પરથી ભાજપના ઉમેદવાર અને રાજ્યમંત્રી અજય ભટ્ટ કોંગ્રેસના ઉમેદવાર પ્રકાશ જોશી સામે ચૂંટણી લડી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની તમામ પાંચ લોકસભા બેઠકો માટે પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે, તેવી જ રીતે શ્રી મોદી રાજસ્થાનના જયપુર ગ્રામીણ લોકસભા મતવિસ્તાર હેઠળના કોટપુતલીમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરશે. તેઓ જયપુર ગ્રામીણ લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર રાવ રાજેન્દ્ર સિંહના સમર્થનમાં આ જાહેરસભાને સંબોધશે. ચૂંટણીની જાહેરાત બાદ રાજસ્થાનમાં લોકસભા ચૂંટણી માટે પ્રધાનમંત્રીની આ પ્રથમ બેઠક હશે. રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી બે તબક્કામાં 19 અને 26 એપ્રિલે યોજાશે..

દરમિયાન એનસીપી અને એસસીપી દ્વારા આગામી લોકસભા ચૂંટણી માટે પક્ષનાં 40 સ્ટાર પ્રચારકોની યાદી બહાર પાડવામાં આવી છે.

---------------

## BJP--ODISHA-LIST

ભાજપે ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે 112 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જયનારાયણ મિશ્રા સંબલપુરથી પાર્ટીના ઉમેદવાર હશે, જ્યારે માનસ કુમાર દત્તા બાલાસોર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી

લડશે. સિતાંશુ શેખર મહાપાત્રા ભદ્રકથી અને કૃષ્ણા ચંદ્ર પાત્રા ઢેંકનાલ વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટણી લડશે.

આ દરમિયાન ભાજપના સાંસદ અજય નિષાદ કોંગ્રેસમાં જોડાયા છે.

------------------

RAJASTHAN-GAGAN SHAKTI

**રાજસ્થાનના જેસલમેરના પોખરણ ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં ભારતીય હવાઈદળની કવાયત ગગન શક્તિ ચાલી રહી છે. ગઇકાલથી શરૂ થયેલી આ કવાયત આગામી 10 એપ્રિલ સુધી ચાલશે. કવાયતમાં ભારતીય હવાઈ દળના લગભગ 10 હજાર જેટલા જવાન ભાગ લઈ રહ્યા છે જયારે તેજસ, રાફેલ, સુખોઈ 30, જગુઆર, ગ્લોબમાસ્ટર, ચિનૂક, અપાચે, પ્રચંડ સહિત ઘણા યુદ્ધ વિમાન અને હેલિકોપ્ટર પણ ભાગ લેશે. આ કવાયતમાં ભારતીય લશ્કર પણ સહયોગ આપી રહ્યું છે.**

--------

CHHATTISGARH-MAOISTS KILLED

છત્તીસગઢમાં આજે સુરક્ષાદળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા છે. છત્તીસગઢના બસ્તર વિભાગના બીજાપુર જિલ્લાના વિસ્તારોમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ, કોબ્રા બટાલિયન,

જિલ્લા અનામત દળ અને ખાસ કાર્ય દળની સંયુક્ત ટીમ તપાસ કરી રહી હતી ત્યારે આ અથડામણ થઈ હતી.

ગોળીબાર બાદ સુરક્ષાકર્મીઓએ ચાર માઓવાદીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા અને સ્થળ પરથી એક લાઇટ મશીન ગન, એક બેરલ ગ્રેનેડ લોન્ચર અને અન્ય હથિયારો સહિત દારૂગોળો જપ્ત કર્યો હતો.

---------------------------

## J&K-ELECTIONPREPAREDNESS

જમ્મુ અને કાશ્મીરમાં, મુખ્ય ચૂંટણી અધિકારી પાંડુરંગ કે. પોલે, પુંછ ખાતે એક બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

અમારા જમ્મુના સંવાદદાતા અહેવાલ આપે છે કે આ બેઠકમાં પુંછ માટે જિલ્લા ચૂંટણી વ્યવસ્થાપન યોજનાઓની સમીક્ષા ઉપરાંત મતદાર યાદી પ્રક્રિયાના અમલીકરણ, લોજિસ્ટિક આવશ્યકતાઓનું મૂલ્યાંકન, વ્યવસ્થાપન યોજના, રિસ્ક મેનેજમેન્ટ પ્લાન, ઈવીએમનું પરિવહન, મતદાન સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓ, સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા તેમજ અધિકારીઓને કંટ્રોલરૂમ દ્વારા ચૂંટણી પ્રક્રિયાના વિવિધ પાસાઓ પર નજર રાખવા સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત તેમણે મતદાન કર્મચારીઓ અને ચૂંટણીના દિવસે ચૂંટણી ફરજો માટે તૈનાત સુરક્ષા કર્મચારીઓ માટે પર્યાપ્ત લઘુત્તમ સુવિધાઓની બાંયધરી આપવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

-----------------------------

HEATWAVE-PREDICTION.rtf

હવામાન વિભાગે  ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાંક રાજ્યોમાં ઉનાળામાં ગરમીના મોજાની મહત્તમ અસર થવાની શક્યતા વ્યક્ત કરી છે .

ભારતના હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ એપ્રિલ અને જૂન મહિનાની વચ્ચે મધ્ય, ઉત્તરીય મેદાનો અને દેશના દક્ષિણ ભાગમાં ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની આગાહી કરી છે.  તેમણે કહ્યું કે, વર્તમાન મહિનામાં દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જો કે, પૂર્વ, ઉત્તરપૂર્વ અને ઉત્તરપશ્ચિમ ભારતના અલગ-અલગ વિસ્તારોમાં સામાન્યથી નીચુ મહત્તમ તાપમાન અનુભવાય તેવી શક્યતા છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય કમલ કિશોરે જણાવ્યું હતું કે, સત્તામંડળ હીટવેવ અંગે  રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત પણે વાતચીત કરી રહ્યુ  છે.

-----------------------------------------------

# ISRAEL- AL JAZEERA BAN

ઇઝરાયેલની સંસદે  રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી ગણાતા વિદેશી નેટવર્ક પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાના બિલને મંજૂરી આપી છે. આ પ્રતિબંધ જુલાઈ સુધી અથવા ગાઝામાં યુદ્ધ સમાપ્ત થાય ત્યાં સુધી અમલમાં રહેશે. ઇઝરાયેલની સંસદે કતારની માલિકી ધરાવતી ચેનલ અલ જઝીરા સહિતની  ટીવી ચેનલોના પ્રસારણ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપતા કાયદાને મંજૂરી આપી છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે તેઓ અલ જઝીરા નેટવર્કની સ્થાનિક ઓફિસને બંધ કરવા માટે તાત્કાલિક પગલાં લેશે.

ઉલ્લેખનીય છે કે યુદ્ધ ગ્રસ્ત ગાઝામાં વિદેશી પત્રકારોના પ્રવેશ પર પ્રતિબંધ છે અને અહી અલ જઝીરાના  કેટલાક પત્રકારો યુદ્ધના સમાચાર  કવર કરે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી નેતન્યાહુએ અલ જઝીરાને આતંકવાદી ચેનલ ગણાવતા હવે ઇઝરાયેલથી  તેનું પ્રસારણ થશે નહીં તેમ જણાવ્યું હતું.

દરમિયાન ચેનલે ઈઝરાયેલ પર તેના કર્મચારીઓને ઈરાદાપૂર્વક નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે, જોકે ઈઝરાયેલે પત્રકારોને નિશાન બનાવવાનો ઈન્કાર કર્યો છે.

----------------------

# RUSSIA GOLD MINE

રશિયાના અમુર ક્ષેત્રમાં સોનાની ખાણમાં ફસાયેલા 13 શ્રમિકોના મોત થયા છે. તેમના મૃત્યુની પુષ્ટિ થતાં જ, સોનાની ખાણમાં બચાવ કામગીરી સત્તાવાર રીતે બંધકરી દેવામાં આવી હતી.

બે અઠવાડિયા અગાઉ આ ખાણમાં કામ કરી રહેલા 13 શ્રમિકો ભૂસ્ખલનને કારણે જમીનથી 120 મીટર નીચે ફસાઈ ગયા હતા. જે બાદ શરૂ કરાયેલુ બચાવકાર્ય વધુ ભૂસ્ખલનના ભયને કારણે વારંવાર અટકાવવું પડ્યું હતું.

--------

# NT.-IPL--RESULT.rtf

આઈપીએલ ક્રિકેટમાં આજે રમાનારી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે રંમાશે.

દરમ્યાન ગઈ કાલે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે હરાવ્યું હતું. રાજસ્થાનની ટીમે 126 રનના લક્ષ્યાંકનો પીછો કરતા માત્ર 15.3 ઓવરમાં ચાર વિકેટે 127 રન બનાવ્યા હતા.

અગાઉ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 125 રન બનાવ્યા હતા. બોલ્ટને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

----------------